**0101201C1042** **Seat No :________**

# B.A. Semester - 2 (*CBCS*) Examination
## June/July-2022 [OLD COURSE]
## GUJ. P4 SARJAN LEKHAN KAUSHAL-2(CORE)

**Time: 2:30 Hours** **Marks: 70**

**Instructions:**
1. All questions are compulsory.
2. Figures to the right indicate marks.

---

પ્રશ્ન-૧ નીચેના ગદ્યખંડ વિવરણ કરો. (૧૪)

સાહિત્ય એ જીવનનું પ્રતીક છે. જીવન નિરોગી, પ્રસન્ન, સેવાપરાયણ, પ્રેમપૂર્ણ અને પરાક્રમી હોય તો તેના બધા જ વ્યાપાર આકર્ષક અને પ્રભાવશાળી થવાના. જે વિચારમાં આર્યતા છે, ઉદાત્તતા છે અને સર્વમંગલકારી કલ્યાણની ભાવના છે તેનું શબ્દશરીર એની મેળે જ ભાવગંભીર, લલિત કોમળ અને પ્રસાદપૂર્ણ થવાનું જ. માટે કેવળ સાહિત્યની ઉપાસના ન કરતાં જો આપણે આર્ય અને પ્રસન્ન જીવનની ઉપાસના કરીએ તો સાહિત્યની સુંદરતા એની મેળે ફૂટી નીકળશે. બારડોલીનાં ખેતરોમાં પૂજ્ય ગાંધીજી અને વલ્લભભાઇએ ઉચ્ચારેલી ભાષા પોતાની સ્વાભાવિકતાથી જ ધીરોદત્ત અને પ્રૌઢ બની છે. સાહિત્યની ઉન્નતિ કરવી હોય તો જીવનની ઉન્નતિ કરીએ. સાહિત્ય એ જીવનની છાયા છે, જીવનની સુગંધ છે.

-કાકા કાલેલકર

અથવા

પ્રશ્ન-૧ કલા એ પ્રત્યાયન (Communication)ની પ્રક્રિયા છે, એ વાત સાચી છે; પણ કવિ ભાવકને શું પહોંચાડે છે? અનુભવનો સાર? રહસ્ય? નર્યો અનુભવ? નહી જ. એ પહોંચાડે છે આકૃતિ સમેત અનુભૂતિ. અનુભૂતિએ લીધેલો આકાર. સિંધુભરતીની પેઠે કવિની ભાવભરતી પણ આરોહ-અવરોહયુક્ત કોઇ વિશિષ્ટ આકાશમાં જ આવે છે, અથવા સર્જનની બીજી ક્ષણે એ ભાનપૂર્વક અનુભૂતિને કોઇ આકાર આપે છે; પણ અનુભૂતિ થવી એમાં કવિચિત્તની લાક્ષણિકતા હશે, પણ સર્જકતા નથી હોતી. અનુભૂતિ થવામાં કવિની સર્જકતાનું કર્તુત્વ હોતું નથી; એ તો હોય છે એ જ્યારે અનુભૂતિને માધ્યમમાં કોઇ આકાર વિશેષમાં પ્રગટ કરે છે તે પ્રક્રિયામાં. એટલે છેવટે તો સર્જકતાનો પ્રશ્ન એ માધ્યમ દ્વારા અભિવ્યક્તિતો પ્રશ્ન બની રહે છે.

-ઉશનસ્

પ્રશ્ન-૨ નીચેના ગદ્યખંડનું સક્ષેપીકરણ કરો. (૧૪)

'પુસ્તક' આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી અને સર્વ શિષ્ટ સાધન છે તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની સાથે એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઇ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો પુસ્તક પાસે જ ખુલ્લી કરે છે. પુસ્તક માનવી માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિષયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો-લાગણીઓ-ધબકાર, જ્ઞાન, માહિતી કંઇ કેટલુંય સંયોજિત થઇને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો. સફર કરી શકો છો. પુસ્તક એક જાદુઇ દીવો છે. દીવાની પાસે એકલા બેઠા હોઇએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામા એકે નથી.

-શ્રી મોહમ્મદ માંકડ

અથવા

પ્રશ્ન-૨ “મેં નાનપણથી જોયું છે કે સત્ય બોલવું, સત્યની ઘોષણા કરવી, સત્ય શોધવું તે મનુષ્યને માટે સહજ છે. સત્યનિષ્ઠા ખરું જોતાં કેળવવી પડતી નથી. સમાજ અને ખાસ કરીને માં-બાપ બાળકમાં અસત્યનિષ્ઠા ઉપજાવે છે, કેળવે છે. એ અસત્યનિષ્ઠા દ્રઢમૂળ થયા પછી જ્યારે માણસ પસ્તાય છે ત્યારે માણસને મૂળ સ્વાભાવિક સ્થિતિ પર આવવા પ્રયત્ન કરવો પડે છે. અસત્યનિષ્ઠા ઉતારવાનો. એમાં જો એ ફાવ્યો તો સત્યનિષ્ઠા એની મેળે પ્રગટ થાય છે. કેમ કે એ પહેલેથી ત્યાં હતી જ, નાના બાળકો જેવું જુએ છે, સમજે છે તેવું સીધેસીધું પોતાને આવડે તેવી ભાષામાં બોલી જાય છે. એ આગળ જતા અગવડરૂપ ગણાય ત્યાં એ મૂંજાય છે. કેટલાંક બાળકો તો મૂંઝાયા છતાં એમને સત્યને બદલે બીજું શું કહેવું તે સૂઝતું નથી-અરે સત્યની માંગણી થાય ત્યારે મૂંગા બેસી રહેવું અને બચી જવું એ પણ એમને માટે અશક્ય છે. કોઇ તાંત્રિક મંત્ર બોલે ને સાપ લાચારીથી બહાર આવે, કમને પણ બહાર આવ્યા વિના રહે જ નહીં, તેવી રીતે માણસ સત્યની માંગણી આગળ સ્વાભાવિક રીતે મંત્રમુગ્ધ થઇ જેમ તેમ સત્યનો એકરાર કરી બેસે છે. એ બળ છે સત્યનું”.

-ગાંધીજી.

પ્રશ્ન-૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી ગદ્યખંડ ફરીથી લખો. (૧૪)

વૃક્ષારોપણ સપ્તાહ નિમિતે રોજ જુદા-જુદા કાર્યક્રમો રાખવામાં આવ્યા હતા વૃક્ષો આપણા મિત્રો નામનું પ્રદર્શન ખુલ્લુ મૂકવામાં આવ્યુ હતું ચિત્ર સ્પર્ધા વૃક્ષો વિશેની વક્તૃત્વ સ્પર્ધા વક્તવ્ય અને વનભોજન આમ રોજના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા

અથવા

પ્રશ્ન-૩ સમાસ એટલે શું? સમજાવી નીચેનામાંથી કોઇપણ બે સમાસ રચના વિશે સદ્દષ્ટાંત નોંધ લખો.

(૧) તત્પુરૂષ સમાસ (૨) કર્મધારય સમાસ (૩) ઉપપદ સમાસ

પ્રશ્ન-૪ નીચે આપેલા રૂઢિપ્રયોગોના અર્થ આપી તેનો વાક્ય રચનામાં પ્રયોગ કરો. (૧૪)

(૧) મગજનું સંતુલન ખોઇ બેસવું. (૨) સૂગ ચડવી. (૩) છાની વાત જાહેર કરવી.
(૪) સન્યાસ લેવો. (૫) હવાલો આપવો (૬) હ્રદય છલકાઇ જવું.
(૭) મનના મેલા હોવું

અથવા

પ્રશ્ન-૪ નીચેની કહેવતોના અર્થ જણાવી તેને વાક્યમાં પ્રયોજો.

(૧) ઘરડા ગાડા વાળે. (૨) પારકી આશા સદા નિરાશા.
(૩) ખાડો ખોદે તે પડે. (૪) ડુંગર દૂરથી રળિયામણા.
(૫) શેઠની શિખામણ ઝાપા સુધી. (૬) ઉતાવળા સો બાવળા, ધીરા સો ગંભીર.
(૭) ધરમ કરતાં ધાડ પડી.

પ્રશ્ન-૫ નીચેનામાંથી કોઇપણ બેના જવાબ આપો. (૧૪)

(૧) અર્ધવિરામ અને અલ્પવિરામ વિશે નોંધ લખો.

(૨) નીચેના સમાસનો વિગ્રહ કરો.

દેશ-વિદેશ, ગર્ભશ્રીમંત, નખ-શિખ, મહાબાહૂ, નમાયું, માનવભક્ષી, આગગાડી.

(૩) નીચેની કહેવતો પુરી કરો.

(૧) ધોબીનો કૂતરો .......................................... (૨) દૂકાળમાં ..................................................
(૩) દિકરીને ગાય .......................................... (૪) માગ્યા વિના ...........................................
(૫) પહેલુ સુખ ............................................... (૬) લોભ્યાં વસે ત્યાં .......................................
(૭) જમવામાં જગલો ને ..................................

(૪) દ્વન્દ્વ સમાસ – ઉદાહરણ સાથે સમજુતી આપો.

***********************************